# એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજ અમદાવાદના USA સ્થિત પૂર્વ વિદ્યાર્થીઓનું સૌપ્રથમ સંમેલન ન્યુજર્સીમાં હર્ષોઉલ્લાસભેર સંપન્ન : કોલેજના વર્તમાન પ્રિન્સિપાલ શ્રી એમ. એન. પટેલ સહિત વિશાળ સંખ્યામાં પૂર્વ વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ : હસી, ખુશી, સ્વાદિષ્ટ ભોજન તથા મનોરંજનની મહેફીલ સાથે ઉજવણી કરાઇ









(દિપ્તીબેન જાની દ્વારા) ન્યુજર્સી : એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજ અમદાવાદના યુ.એસ.એ. સ્થિત પૂર્વ વિદ્યાર્થીઓનું સૌપ્રથમ સંમેલન તાજેતરમાં યોજાઇ ગયું. જેમાં ૧૯૯૧ની બેચથી લઇને તમામ પૂર્વ વિદ્યાર્થીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

દિવાન રેસ્ટોરન્ટ ન્યુજર્સી ખાતે યોજાયેલા શાનદાર સમારોહમાં ૩૦૦ ઉપરાંતની સંખ્યામાં હાજર રહેલા સૌએ સ્વાદિષ્ટ ભોજન સાથે મનોરંજન, મેળાપ, તથા હસીખુશીનો આનંદ માણ્યો હતો.

એલ.ડી. કોલેજના વર્તમાન પ્રિન્સીપાલ શ્રી એમ.એન. પટેલ ઉપરોક્ત પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તથા સંબોધન કર્યુ હતું તથા LAA પ્રેસિડન્ટ શ્રી આનંદ પટેલએ હાજરી આપી હતી.

પૂર્વ વિદ્યાર્થીઓ માટે સૌપ્રથમવારનો અવિસ્મરણીય સંભારણા સમાન ઉપરોક્ત સંમેલનમાં વિદ્યાર્થી જીવનના પ્રસંગો વાગોળવવાનો આનંદ માણી સૌ છુટા પડ્યા હતા. તેમ શ્રી અમુલ પટેલની યાદીમાં જણાવાયું છે.